**ક્રિમી. કેસ નં. ૬૫/૨૦૨૬**

## મે. ખેડાના એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું.ખેડા.

**ક્રિ.કેસ નં. ૬૫/૨૦૨૬**
**આંક:– ૭**

***ફરિયાદી*** :– શ્રી સરકાર.

*વિરૂધ્ધ*

***આરોપી*** :– **લખીબેન મનુભાઈ ચુનારા,**
**ખેડા.તા.ખેડા.**

**ગુનો:– ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબ**

**–// ઠ રા વ //–**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, **તા.૦૭/૧૨ /૨૦૨૫** ના રોજ આરોપીએ મોજે ખેડા ખાતે તેના કબજામાં વગર પાસ પરમીટે **દેશી પીવાનો દારૂ ૩ લીટર કીમત રૂા ૬૦૦/–** પુરાનો રાખી પોલીસના ચેકીંગ દરમ્યાન મુદ્દામાલ સાથે પકડાઇ જઈ, ધી પ્રોહીબીશન એકટની કલમ–**૬૫એએ** મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે જે મતલબની ફરિયાદીએ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા જરૂરી તપાસના અંતે આરોપી વિરુધ્ધનું ત.ક. અધીકારીએ નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**ર.** આ કામના આરોપીને સમંસ કરતાં આરોપીએ આજરોજ નામ.કોર્ટ રૂબરૂ હાજર થઈ પોતાનો ગુનો **કબુલાત પુરસીસ આંક.૬** થી રજુ કરી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરેલો છે અને વધુમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કુટુંબ કબીલાવાળા અને ગરીબ વર્ગના માણસ છે અને મજુરી કરીને તેઓના કુટુંબનુ ગુજરાન ચલાવે છે, જેથી રહેમ રાખી ઓછામા ઓછી સજા કરવા માંગણી કરેલ છે.

**૩.** આ કામે આરોપી સામે **પ્રોહી કલમ ૬૫એએ** મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે ગુનાની મહત્તમ તથા લઘુત્તમ સજાની જોગવાઈ ધ્યાન લેતાં, આરોપી સામેના ગુનાના કામે વ્યાજબી કારણો હોય ત્યારે કાયદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સજા કરતાં ઓછી સજા કરી શકાશે.

આ કામે આરોપી  ગરીબ અને મજુરીયાત વર્ગના ઈસમ હોય અને તેઓએ તેમની કસુર સ્વેચ્છાએ સ્વીકારી ભવિષ્યે આ પકારે ગુનો નહી કરવા ખાતરી આપેલ છે.આ કામે આરોપી સામે અગાઉ પ્રથમ ગુનો પુરવાર થયેલ હોય અને હાલનો ગુનો બીજો હોય તે બાબતે કોઈ હકીકત ફરિયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ નથી તે સજોગોમાં આરોપીની સ્વૈચ્છીક કબુલાત પુરસીસ તેમજ આરોપીની આર્થિક સામાજિક સ્થિતી વિગેરે ધ્યાને લેતાં, આરોપી સંબંધે ખાસ અને પુરતા કારણો જણાયેથી તેને કાયદાથી ઠરાયેલ લઘુત્તમ સજા અને દંડ કરતાં ઓછી સજા અને દંડ નામ.કોર્ટ કરી શકે છે તેવું નામ.ગુજરાત હાઈકોર્ટે **૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર**ના તેમજ **૨૦૧૩(૨) જી.એલ.આર.૯૭૪, રમેશચંન્દ ભીખાલાલ સોની વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલુ છે.આ સંજોગોને લક્ષ્યમાં રાખતા આરોપીને કઠોર સજા ન કરતાં હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-//હુકમ//-**

આ કામના આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૪** અન્વયે ધી પ્રોહીબીશન એકટની **ક.૬૫એએ** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો પૂરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડ ન ભરેતો તો વધુ દિન-૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

**હુકમ આજ રોજ લોક અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૪/૦૩/૨૦૨૬<br>
સ્થળ.ખેડા.

(નિખિલ ચંદ્રસેન જાધવ)<br>
એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ<br>
ખેડા.